શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપક

વર્ષ : ૧૧
અંક : ૭

## મંદીમાં સ્વ સહાય જુથોની રચના

આજના આધુનિક સમયમાં વૈશ્વિક મંદીના ભોગ બનેલ લોકોમાં સ્વ સહાય જુથોની રચના કરવી જરૂરી છે. જયારે નાની નાની બચત પણ કટોકટીના સમયે કામ આવે છે. કહેવત છે ને કે ‘ટીપે ટીપે સરોવર ભરાય’ આ કહેવતને અનુસંધાને ‘પાંચ પૈસામાંથી પાંચ હજાર’ પણ થઈ શકે જો સમયે સમયે બચત કરતાં હોઈએ તો. જેમ જીંદગી માટે સમય બળવાન છે તેમ સમયે સમયે પૈસા પણ બળવાન થતાં જાય છે. પૈસા વગર માણસ જીવી શકે તેમ નથી. કારણ કે આજના સમયમાં 'પૈસો જ મારો પરમેશ્વર છે' એવી ઉત્કંઠતા પ્રબળ બની છે.

ટપક વાંચકોને અપીલ છે કે દરેક ગરીબ કે તવંગર લોકો પોતે અને સમાજને તેમજ સગાસંબધી, પાડોશીઓને બચત કરતાં શીખવે એ એક સામાજીક પુન્યનું કામ થશે. અહીં શંકાને કોઈ સ્થાન નથી કે બચત માત્ર પૈસાથી થાય. 'બચત તો દરેકમાં થાય' જેમકે આપણા અતિ ખર્ચાળ શોખો સામે જાવકના સ્રોત્ર વધી જતાં હોય છે તેમાં મહતમ ઘટાડો કરવો જોઈએ. ફેશન તેમજ રીતરિવાજોથી પણ ખર્ચાઓ થતાં રહે છે તે પણ મહંદઅંશે ઘટાડવા જોઈએ એમા જ ડહાપણ રહેલું છે.

જુથ એ લોકોના સંગઠનથી બનેલ રચના છે જેનો ઉદ્વેશ માત્ર આવનાર આકસ્મિક પરિસ્થિતીનો સામનો જ નહી પરંતુ સંજોગોને પડકાર ફેકી શકાય તેવી આજના સમયમાં જુથની રચના પડકારરૂપ મનાય છે. આ વાત લોકો જાણે છે છતા અજાણ બનવાનો પ્રયત્ન કરે છે.

જો દરેક માણસ વાસ્તવિકતાથી પર હશે તો જીવન નિર્વાહ માટે અડચણો સામે અડિખમ ઉભા રહેવાની તાકાત પ્રદાન કરશે અને જો ભાગ્યને તેમજ સંજોગોને રોયા કરીએ તો સુખનો સુરજ ઉગ્યા પહેલા આથમી જશે.

**સંકલન: રંજન રાદડીયા**

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

**અનુભવ એ જ સાચો ગુરુ છે.**

## પર્યાવરણને દુષિત થતું અટકાવવા આપણે શું કરી શકીએ ?

કુદરતે જયારે જીવસૃષ્ટિની રચના કરી ત્યારે દરેકને સરખો ખોરાક અને પોષણ મળી રહે તેવી વ્યવસ્થા કરી. જીવો જીવસ્ય ભોજનમ અને જીવો જીવસ્ય જીવનમ.

આમ, પર્યાવરણનો પ્રશ્ન આજે ભારત પુરતો સિમિત ન રહેતા તે વૈશ્વીક બન્યો છે. પર્યાવરણ અને પ્રદુષણ બંને અલગ અલગ શબ્દ છે. હવા, પાણી, જમીન, વનવિસ્તાર, પાલતુ પ્રાણીઓ, પશુ–પક્ષીઓ, દરિયાઇ જીવો અને માનવ જીવન વચ્ચેનો સમન્વય એટલે પર્યાવરણ.

પર્યાવરણનો બગાડ એટલે પ્રદુષણ. પર્યાવરણની રક્ષા અને પ્રદુષણ નિયંત્રણ માટે લોકો જાગૃત થશે તો અને તો જ પર્યાવરણને દુષિત થતું અટકાવી શકાશે. આપણે આપણા માન–મોભા, દેખાવ, શોખ, પર્સનાલીટી વગેરે માટે બધુ કરવા તૈયાર છીએ. પરંતુ તેનાથી પર્યાવરણ અને બીજા સજીવો પર કેવી અસર પડે છે તેનો વિચાર નથી કરતા.

**<u>પ્રદુષણ વધવાના કારણો :</u>**

વસ્તી વૃધ્ધિ, ઔદ્યોગીકરણ, શહેરી કરણ, યાંત્રીકિકરણ, ટેકનોલોજી, જંગલોનો નાશ વગેરે.

જો આવુ ને આવુ વાતાવરણ રહેશે તો એક દિવસ એવો આવશે કે પૃથ્વી પર રહેવુ કે ટકવુ મુશ્કેલ બની જશે. જો આવા દિવસો ન આવવા દેવા હોય તો નીચે મુજબ અમલ કરીએ.

- ❖ આપણે ઘરના આંગણામાં ફળ–ફુલ કે છોડ ઉગાડીએ તો ઓકિસજનની પ્રાપ્તિ થશે, કાર્બન ડાયોકસાઇડનું શોષણ થશે, જેથી વાતાવરણ શુધ્ધ બનશે અને સાથે સાથે ઘરનું આંગણું પણ સ્વચ્છ અને સુંદર બનવાથી ઘરનો પણ દેખાવ આવશે.
- ❖ વ્યકિતગત વાહનો કરતા જાહેર વાહન વ્યવહારની સુવિધા અપનાવવી.
- ❖ શકય બને તો નજીકના સ્થળોએ ચાલતા જવાથી પેટ્રોલ બચવાની સાથે સાથે ચાલવાની કસરતનો પણ લાભ શરીરને મળશે.
- ❖ કુટુંબ કે પરિવારના બધા સભ્યો સાથે મળીને જમે, ટી.વી. જુએ તો સંવાદિતા વધવાની સાથો સાથ ઉર્જાની પણ બચત થશે.
- ❖ જો આપણે દર અઠવાડિએ ૬૦ મીનીટ માટે વીજળીનો ઉપયોગ ન કરવાનો નિયમ લઇએ તો વર્ષભર પર કલાક જેટલી વીજળી બચી શકે.
- ❖ સ્ટ્રીટ લાઇટ ઘણીવાર વહેલી ચાલુ અને મોડી બંધ કરાય છે. તે બાબત નિવારવી.
- ❖ પાણી લીકેજ કે આડેધડ પાણીનો વપરાશ બંધ થાય તે અંગે કાળજી લેવાય.
- ❖ રાસાયણીક/કૃત્રિમ ખાતરોના ઉપયોગથી પર્યાવરણને દુષિત થતુ અટકાવી શકાય.

**રાજા અને પ્રધાન એકબીજાના પુરક છે.**

## The Need for Creative Thinking

This phenomenon is imparting a salutary lesson to us, the ethical lesson of mutuality and inter-dependence. The current maladies of our nation are including a mood of thinking and self criticism among our people; and this is the brightest side of our national life today. Creative thinking is the sure sign of the onset of social health. All growth, development and progress flow from thinking. Our nation has started to think after twenty years of what, in the language of Vivekanand, may be called 'not thinking carelessness'. We have become seriously aware of the mess we are in and have begun to consider the means to get out of it. This is the surest sign of the onset of a trend, intensify it, and say good bye to all complacency and its evil fruits of selfishness and self centeredness.

This is what brings me to you this afternoon, to think together with you as to how to restore our nation to health and vigor. Biology tells us that man is an inter thinking species, the only such species in creation. He advance evolution through this inter thinking process and this is the work that we shell engage ourselves in, during the quiet hour that we are together here. And this is the work that all patriotic citizens should engage themselves in, when they meet together in groups. It is in this context, against this background, that I wish to discuss that great subject of the philosophy of service. We have been using the word 'service' mostly in profession sense. We have the union service the state service and a host of other service; I am not here to deal with them except as a part of the wider field of inter human relationship in general and the philosophy underlying the same.

## અવિરત બોર્ડ મીટીંગ

તા. ૬ ના રોજ યોજાયેલ બોર્ડ ઓફ ડિરેકટર્સની મીટીંગમાં ૧૨ સભ્યોએ હાજરી આપી હતી. ગત મીટીંગની કાર્યવાહી નોંધ વંચાણે લઈ તેની અમલવારીની વિગતો ચકાસી મંજુર કરવામા આવી. કંપનીના વર્ષ ૨૦૦૮–૦૯ના હિસાબો મંજુર કરવામાં આવ્યા. જંતુનાશક દવાઓની ખરીદી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી ડિરેકટરોની ફરજ અને જવાબદારીઓ પર સમિક્ષા કરવામાં આવી, ડેરી પ્રોજેકટ, ઓઈલ મીલ, બાગાયત યોજના પર ચર્ચાઓ થઈ આગામી વર્ષા વીમાની ખેડૂત મીટીંગમાં ચર્ચા કરી નિર્ણય લેવા જણાવ્યુ.

## ખેડૂત મીટીંગ

તા.૧૨ ના રોજ વર્ષા વીમા પર ખેડૂત મિટીંગ યોજાઈ. પ્રથમ તબકકામા થયેલ વરસાદના આંકડાઓ રજુ થયા. આગામી સમયમાં વરસાદ આધારિત જોખમો પર ચર્ચા કરવામાં આવી. જંગલી પશુઓની રંજાડ, પાકોમા આવતા રોગ, વરસાદની અનિયમિતતા, બજારનાં ભાવમાં થતી વધઘટ, નકલી બિયારણો, જમીનના ધોવાણ વિગેરે બાબતો પર ચર્ચા કરી તેનાથી રક્ષણ મેળવવા માટેના ઉપાયો યોજવાના ભાગરૂપે વર્ષા વીમાની શરૂઆત થઈ છે. અન્ય જોખમો સામે રક્ષણ મેળવવા મંતવ્યો રજુ થયા. પ્રથમ વર્ષે વર્ષા વીમામાં કુલ ૪૬ ખેડૂતો જોડાયા હતા. જેમાથી ૯ ખેડૂતોને નુકશાની સામે વળતર મળ્યુ હતુ. આ વર્ષે ૧૩૯ ખેડૂતો જોડાયા છે. જેની રજુઆત શ્રી વિપુલ શેલડીયાએ કરી હતી.

ધીરુભાઇ વાગડીયાએ આ વાતને અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીના સંદર્ભમાં આગળ વધારી જુદા જુદા પ્રોજેકટ ઉપર ધ્યાન દોર્યુ. જેમકે, ટ્રાયકોડ્રામાં વિરડીનું ઉત્પાદન, પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતો માટે ડેરી પ્રોજેકટ, બાગાયતી પ્રોજેકટ તેમજ ખેત પેદાશોના ઉત્પાદનના વેચાણ માર્કેટ યાર્ડ જેવી સુવિધાઓ ઉભી કરવાની જરૂરિયાત પર ભાર મુકી તેને અમલમાં મુકી શકાય કે કેમ ? તે શકયતાઓ વિચારવા તથા અન્ય કોઈ બાબતો ખેડૂતોને મુશ્કેલી રૂપ જણાતી હોય તો તે આ મીટીંગમા રજુ કરવા જણાવ્યુ હતુ.

લીડ બેંક ઓફીસર શ્રી બી. બી. ભટ્ટ એ બેંકોના લાભોથી ખેડૂતોને વાકેફ કર્યા. નાબાર્ડના એજીએમશ્રી કે.આર.સાલ્વેએ ડેરી તેમજ બાગાયત પ્રોજેકટ પર ભાર મુકી ખેડૂતોને વિસ્તારથી સમજાવ્યું કે 'સુઝ બુઝ થી કાર્ય કરે તેનુ નામ ખેડૂત' તો ખેતીની સાથે સાથે પશુપાલનમાં ડેરી ઉદ્યોગ, તબેલો તેમજ આંબાવાડી પ્રોજેકટ શરૂ કરવા ખેડૂતોમા સમજ ઉભી કરી.

**સતત ખોટા વિચારો માનસિક બિમારીને નોતરે છે.**

## સ્ત્રી કાયદા મીટીંગ

તા. ૨૩ ના રોજ કાનુની સેવા અને માર્ગદર્શન કેન્દ્ર દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો માટે સ્ત્રી કાયદા અંગે મીટીંગ યોજવામા આવી. જેના રીસોર્સ પર્સન તરીકે ભાવનગરના વકીલ મૃદંગરાજ દ્વારા ઘરેલુ હિંસા અધિનિયમ–૨૦૦૫ના કાયદા, મહિલા અત્યાચાર, દેહ વેપારમા જોડાયેલ બહેનોના મુદ્દે, સ્ત્રી ભૃણ હત્યા નાબુદી, જાતીય સતામણી, સ્ત્રી જમીન માલીકી માહિતી અધિકાર વગેરે મુદ્દા ઉપર ચર્ચાઓ તથા અનુભવોની આપ–લે કરવામા આવી.તથા તેઓની સાથે સંસ્થાઓના જોડાણની વાતચીત કરી આ મીટીંગ પૂર્ણ કરવામા આવી. આ બેઠકમા અમરેલી જીલ્લાની કુલ ૫ સંસ્થાઓના કાર્યકરો સામેલ થયા હતા.

### માસ દરમ્યાન કામગીરી

| | | |
|---|---|---|
| ૪ | ટીમ મીટીંગ | ખાંભા |
| ૬ | અવિરત બોર્ડ મીટીંગ | ખાંભા |
| ૮ | ગ્રામ વિકાસ અંગેની મીટીંગ | ગાંધીનગર |
| ૮ | મીટીંગ | વલસાડ |
| ૯/૧૦ | રીવ્યું પ્લાનીંગ મીટીંગ | અમદાવાદ |
| ૧૨ | ખેડૂત મીટીંગ | ખાંભા |
| ૨૦/૨૧ | પેરાલિગલ તાલીમ | અમરેલી |
| ૨૧ | વર્ષા વિમા મીટીંગ | અમદાવાદ |
| ૨૩ | સ્ત્રી કાયદા મીટીંગ | અમરેલી |
| ૨૫ | હેન્ડીકેપ ફોલોઅપ બેઠક | અમરેલી |
| ૨૫ | ટીમ મીટીંગ | અમરેલી |

**ન્યાય સમીતી અને પેરાલીગલ તાલીમ**તા. ૨૦–૨૧ જુલાઈ ૨૦૦૯ના રોજ હરીરાજ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી ખાતે ઉત્થાન અને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા પેરાલીગલ રીફ્રેશર તાલીમ રાખવામા આવેલ હતી. જેમા ખાંભા, ભાવનગર, રાજુલા તથા મહુવાના ન્યાય સમિતિ તથા પેરાલીગલ બહેનો મળી કુલ ૪૦ વ્યકિતઓએ ભાગ લીધો હતો. સામાજીક ન્યાય કેન્દ્ર, અખિલ ભારતીય પેરાલીગલ સંસ્થા અને સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્કના ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમમાં અશ્વિનીબહેન, અઝીમાબહેન, ગાયત્રીબહેન તથા રુન્કીબહેન ઉપસ્થિત રહયા હતા.

અગાઉ થયેલ તાલીમોના આધારે તાલીમાર્થીઓ એ કરેલ ક્ષેત્રિય કાર્ય અને તેમા પડતી મુશ્કેલીઓમાં વધારે કયા પ્રકારની કુશળતાની જરુર જણાય છે તેની વિગતો મેળવી હતી.

શારીરીક–માનસીક ત્રાસ, દહેજ પ્રતિબંધક અધિનિયમ, ઘરેલુ હિંસા અધિનિયમ, અપહરણ, બળાત્કાર, બહુપત્નિત્વ તથા ઓરસ અને અનઓરસ બાળકો, મહિલા જમીન માલીકી તથા દીવાની અને ફોજદારી અદાલતો ઉપર માહિતી આપી હતી.

આ પ્રશ્નો ઉપર કામ કરતી ન્યાય સમિતીની બહેનો તથા પેરાલીગલ બહેનોની પરીક્ષા લેવામા આવી. ઉતિર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઓળખપત્ર આપવામાં આવશે.

**નિખાલસતા કયારેક આપણી નબળાઈ પણ બની જાય.**

**સ્વૈચ્છિક સંસ્થા**

સ્વૈચ્છિક સંસ્થા Voluntary Organisation ને Non-Government Organization (NGO) તરીકે પણઓળખવામાં આવે છે. પરંતુ સાચુ તો આજ સુધી હજી સ્વૈચ્છિક સંસ્થાનો અર્થ આપણે સમજી શકયા નથી કે તે શું છે, શા માટે છે, શું કામ કરે છે, તે લોકોને કઇ રીતે મદદરૂપ થાય છે અને તે શા માટે અસ્તિત્વમાં આવેલ છે.

ભારતમા દાનવીર ભામાશાથી લઈ રાજાશાહી વખતમાં, બ્રિટીશ સતાકાળ દરમ્યાન અને આઝાદ ભારતમાં સ્વૈચ્છિક કાર્યના સ્વરુપ બદલાયા છે. અન્નક્ષેત્રો, ધર્મશાળાઓ, રાહત સામગ્રીનું વિતરણ, વિવિધ પ્રકારની સહાયતાઓ જેવી કલ્યાણકારી પ્રવૃતિઓથી આ કાર્યની શરુઆત થઈ છે. આગળ જતા જરુર મુજબ વિકાસલક્ષી કાર્યો તરફ કામ ચાલ્યુ. આઝાદી બાદ નીતી નિર્ધારણમા પણ સ્વૈચ્છિક ક્ષેત્રનો મોટો ફાળો રહયો હતો. આવક વૃધ્ધિ માટે ખાદી ઉત્પાદનમાં, વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો, ગ્રામોત્થાન માટેના અભ્યાસક્રમો વિગેરે પ્રવૃતિઓમા સ્વૈચ્છિક સંસ્થાઓ હંમેશા અગ્રેસર રહી છે.

આજના સમયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ ગ્રામ વિકાસમાં ખુબજ રસ લઈ રહી છે જેમા ખાસ કરીને લઘુ બચત, લઘુ ધિરાણ અને નાના પ્રકારના ગ્રામિણ ગરીબો માટેના વ્યવસાય શરુ કરવામાં નાના સમુહોની રચના કરી એક ટેકારૂપ ભાગ ભજવી રહી છે સાથે સાથે મહિલાઓને મુખ્ય પ્રવાહમા લાવવાના કાર્યોમા તેમના પર થતી હિંસા, સામાજીક રાજકીય સ્થાનોમા તેમની ભૂમિકા સ્પષ્ટ કરવાના સંદર્ભમાં સ્વૈ. કાર્યકરો ટેકો કરી રહયા છે.

આ ઉપરાંત બાળમજુરી, પર્યાવરણ જાળવણી, ખેડૂતો કામદારોના હકકનુ જતન તેમજ વિકાસલક્ષી બાબતોમા બાધારુપ બનતી કોઈ પણ બાબતો ઉપસ્થિત થાય તુરત તેનો અભ્યાસ કરી તેના નિરાકરણો યોજવા પ્રયાસ કરે છે. પરંતુ આવી સંસ્થાઓ પાસે નાણા તથા માળખાકીય સુવિધાઓ મર્યાદિત હોય જેનાથી તેઓ કોઈ નાના પોકેટમા મોડેલ ઉભા કરી શકે પરંતુ મોટા સ્કેલમા તે લાગુ કરવા સરકારશ્રીના વિભાગોને સાથે લેવાની બાબતે પણ સંસ્થાઓ આગળ આવી છે.

આજના સમયમાં સ્વૈચ્છિક સંસ્થાઓ કોઇ પણ કાર્યનો અમલ કરાવવા માટે સફળ રહી છે. જે સતત લોકોના સંપર્કમાં રહીને લોકભાગીદારી થી કાર્ય કરે છે જેનાથી કાર્ય સહેલુ બને છે અને ઝડપથી શકય બને છે.

સંસ્થાઓનો હેતું, પોતાની પ્રવૃતિને નિષ્પક્ષ, નિઃસ્વાર્થ અને ન્યાય પૂર્ણ રીતે સમાજના દરેક સ્તર સુધી પહોચાડવાનો હોય છે, જેમાં નફો ગૌણ અને સમાજસેવા, સામાજીક જવાબદારી મુખ્ય હોય છે.

**દરેક માનવીમાં એક એવો ગુણ પ્રભાવિત હોય છે જે બીજામાં ના હોય.**

## વિકલાંગતા અને વિકાસ

સામાજીક, સાંસ્કૃતિક અને રાજકીય એમ જીવનના તમામ ક્ષેત્રોમાં વિકલાંગતા ધરાવતા લોકો તેમની સહભાગિતાને મર્યાદિત કરે છે અને તે તેમના અધિકારોના ભંગમા પરિણમે છે. આપણી પાસે ઉપલબ્ધ માહિતીઓં આ સામાજીક બાદબાકીનુ ખુબજ મર્યાદિત ચિત્ર રજુ કરે છે. આ બાબતે ઉન્નતિ અને હેન્ડીકેપ ઈન્ટરનેશનલ દ્વારા એક અભ્યાસ હાથ ધરાયો જે વિકલાંગતા ધરાવતા લોકોને મુખ્ય પ્રવાહમા લાવવામાં નાગરિક સમાજની સહભાગિતાને પ્રોત્સાહન આપવા માટેના એકંદર પ્રયાસોમાં પુરક બને છે.

ગુજરાતમાં જાહેર આરોગ્યતંત્રમાં વિકલાંગતાના મુદાઓનો સમાવેશ – એક કાર્યક્રમ તરીકે શરૂ કરાયેલ છે. યુરોપીયન કમિશન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (ગુજરાત રાજય) તથા હેન્ડીકેપ ઈન્ટરનેશનલ દ્વારા આ કાર્યક્રમ આ વર્ષથી અમરેલી જીલ્લામાં શરૂ થયેલ છે.

અમરેલી જીલ્લામાં વિકાસલક્ષી કાર્યો સાથે સંકળાયેલી સંસ્થાઓ તથા વિકલાંગતા પર કામ કરતી સંસ્થાઓના સંપર્ક કરી તેમના સંચાલકો સાથે વિકલાંગતાના મુદાને તેમના કાર્ય સાથે જોડવા અંગે ચર્ચા હાથ ધરાયા બાદ રસ ધરાવતી સંસ્થાના કાર્યકરો સાથે એક કાર્યશિબિર તા.૧૭ થી ૧૯ મે દરમ્યાન રાખવામાં આવેલ હતી. વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને નડતા અવરોધો સમજવા યોજાયેલ આ કાર્યશિબિરમાં વિકલાંગતાના પ્રકારો અને કારણો, સામાજીક કાર્યો અને જરૂરિયાતો, આર્થિક પ્રવૃતિઓ, વિશિષ્ટ જરૂરિયાતો, સેવાઓની પ્રાપ્તિ, સામાજીક અને વલણલક્ષી અવરોધો, કૌશલ્ય અને શકિતની પિછાણ જેવા મુદાઓને આવરી લેવાયા હતા. તા. ૨૫ જુલાઈએ ફોલોઅપ મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં, વિકલાંગતાના પ્રકારો અંધત્વ, અલ્પદ્રષ્ટિ, મટીગયેલ રકતપિત, મંદબુધ્ધી, મગજનો લકવો, હલન ચલનની મુશ્કેલી, બહેરાશ વગેરે બાબતો ઉડાણપુર્વક સમજી તેમને મળતી યોજનાકીય સહાયતા અંગે માહિતી આપવામાં આવી.

અગાઉની કાર્ય શિબિરમાં ભાવિ પગલા બાબતે સંસ્થાઓએ રજુ કરેલ આયોજનના અમલીકરણ બાબતે દરેક સંસ્થાઓએ પોતાના કાર્યમાં આ મુદાનો સમાવેશ કર્યાની વિગતો આપી હતી. વિકલાંગતા પર કામ કરતી સંસ્થાઓએ પણ તેમના અમલીકરણની વિગતો આપી હતી જેમા વિકાસ સંગઠનોને તેના આ કાર્યમાં જરુરી શૈક્ષણિક ટેકો પણ કર્યો હતો.

દર મહિને મીટીંગ રાખવાનું નકકી થતા આગામી મીટીંગ તા. ૨૯/૮/૦૯ના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના અમરેલી કાર્યાલયે રાખવાનુ નકકી કરવામાં આવ્યું.

**પોતાના પર આધાર રાખે તે સ્વાવલંબી છે.**

## હદયની વાતો

માનવી આજે ઘણી બધી વિડંબણાઓમાં જકડાયેલો જણાય છે. આજે આ સ્થિતીને હટાવવા કુદરતી વાતાવરણના સંયોગમાં રહી માનવીએ માનસીક ભાર હળવો કરવો જોઈએ. દુઃખની વાતોમાં પરિચિત દરેકે સહભાગી થવું જોઈએ. ખુશ રહેવા માટે લાફિંગ કલાસ તેમજ તેને લગતાં પ્રોગ્રામો નિહાળવા જોઈએ. ખાસ કરીને બાળકો સાથે સમય વધારે વિતાવવો જોઈએ જેથી જીવન ને રંગમય રીતે નિહાળી શકાય. ઉત્સાહી માણસોના સંવાદોને ટાંકી લઈને આપણી જીવનશૈલીમાં ઢાળી દેવા જોઈએ. દરેક મુશ્કેલીઓને દુઃખી થઈને નહિ પણ હસતાં હસતાં સ્વીકારવામાં વધારે આંનદ આવે છે પરંતુ દરેક કટોકટીના સમયે પરિસ્થિતીને વાકેફ થઈને જે રીતે જોવામાં આવે અને નિતિબધ્ધ ચલાવવામાં સંકલિત ભુમિકા ભજવી શકાય તેવી વાત મુકવામાં આવે તો તેનો નિષ્ઠાપુર્વક સામનો કરી શકાય છે. દરેક લોકો સાથે લાગણીથી જોડાવામાં ધ્યાનથી આગળ વધવુ કારણ કે ઘણીવાર લોકો આપણી લાગણીઓને આપણી નબળાઈ માની લઈને ભુલ માની બેસે છે અને ખોટા પ્રશ્નો ઉભા કરે છે પણ હંમેશા સત્યનો જ વિજય થાય એટલે શંકાને કોઈ સ્થાન નથી આમ, હૃદયથી મળતી ખુશી દ્વારા દુનિયાના જટીલમાં જટીલ પ્રશ્નને ઉકેલી શકાય છે.

**સંકલનઃ રંજન રાદડીયા**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સમય સમયે માનવીના વિચારોમાં પરિવર્તન જણાય છે.**